"માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના"

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૪/UOR-૬/ખ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧.૦૨.૨૦૧૮

વંચાણે લીધા:

૧.શિક્ષણ વિભાગનો તા.૦૧.૦૩.૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: એસસીએચ/૧૦૨૦૧૨/GOI-૯૩/છ
૨.શિક્ષણ વિભાગનો તા.૨૩.૦૭.૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/ UOR-૬/સ

આમુખ:

રાજયમાં અમલી વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓની સમીક્ષા કરી રાજય સરકારના શિક્ષણ વિભાગ હેઠળની અગાઉની તમામ શિષ્યવૃત્તિ યોજનાઓ રદ કરી એક નવી સુગ્રથિત શિષ્યવૃત્તિ યોજના નામે "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" ઉપર વંચાણે લીધેલા ક્રમાંક (૧) ના ઠરાવથી શરૂ કરવામાં આવી હતી. આ ઠરાવની વિવિધ જોગવાઇઓમાં બેન્ક લોન, વ્યવસાય, હોદ્દો પગારધોરણની મર્યાદા બાબતે મળેલ સૂચનોને ધ્યાને લઇ શિષ્યવૃત્તિના લાભમાં એક સૂત્રતા રહે તે માટે ક્રમાંક-૧ નો ઠરાવ રદ કરી વંચાણે લીધેલ ક્રમાંક-૨ ના ઠરાવથી માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાની જોગવાઇઓ નવેસરથી નક્કી કરવામાં આવી હતી. રાજયમાં ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે હાલમાં અમલી "મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના"ના અમલીકરણ બાદ વિદ્યાર્થીઓ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો અપેક્ષિત લાભ લેતા ન હોવાથી તેમજ બદલાતી જતી પરિસ્થિતિને ધ્યાને લઇ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત નિયત થયેલ લાભાર્થી વિદ્યાર્થીઓની કેટેગરી, પાત્રતા અને તેઓને મળવાપાત્ર રકમમાં જરૂરી સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૨. પુખ્ત વિચારણાને અંતે, માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત લાભાર્થી વિદ્યાર્થીઓની કેટગરી, પાત્રતા અને તેઓને મળવાપાત્ર રકમમાં નીચે મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

લાભાર્થી વિદ્યાર્થી કયા ગ્રુપમાંથી આવશે.

(૧) રાજ્યના ૫૦% થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા ૫૦ તાલુકાઓની શાળાઓમાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરનાર કન્યાઓને આ યોજના નીચે જેટલી સંખ્યા ઠરાવવામાં આવે તે સંખ્યાની મર્યાદામાં તેઓ મેરીટમાં આવતા હશે તો તેઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર રેહશે.

(૨) ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ, આતંકવાદ, નકસલવાદ જેવા કારણોસર ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના કેન્દ્રિય કે રાજયના અર્ધલશ્કરી દળોના કેન્દ્રિય કે રાજ્ય અનામત પોલિસદળોના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનો કે જેઓએ ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરી હોય તેઓને આ યોજના નીચે જેટલી સંખ્યા ઠરાવવામાં આવે તે સંખ્યાની મર્યાદામાં તેઓ મેરિટમાં આવતા હશે તો તેઓ શિષ્યવૃતિ મેળવવાપાત્ર રહેશે.

(૩) શ્રમિકકાર્ડ ધરવતા શ્રમિક વાલીના ધોરણ ૧૨ પછીના કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવા બાળકો;

(૪) ધોરણ ૧૨ પછીના કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવા ૪૦% થી વધુ વિકલાંગતા ધરવતા વાલીના બાળકો અથવા પોતે ૪૦% ટકાથી વધુ વિકલાંગતાધરાવતા હોય તેવા બાળકો,

(૫) ધોરણ ૧૨ પછીના કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવી વિધવા મહિલાના બાળકો;

(૬) ધોરણ ૧૨ પછીના કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવા અનાથ બાળકો જેના માતા-પિતા બન્ને મરણ પામેલ હોય;

(૭) ધોરણ ૧૨ પછીના કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવી ડિવોર્સી/ત્યકતા મહિલાના બાળકો.

ઉક્ત કેટેગરીમાં આવતાં ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળવા પાત્ર બનશે.

<u>આવકમર્યાદા:-</u>

રૂ.૪.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક

<u>અનામત વર્ગોના બાળકો માટે આરક્ષણ :-</u>

અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શારીરિક અશક્તતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કુલ લાભાર્થી સંખ્યાની ટકાવારીમાં આ યોજનામાં નિયમ મુજબ ભરતી સમયે રાખવામાં આવતી ટકાવારી જેટલી (શિષ્યવૃત્તિ સંખ્યા) અનામત રહેશે.

<u>શિષ્યવૃત્તિની સંખ્યા:-</u>

૨૫૦૦ શિષ્યવૃત્તિઓ

<u>શિષ્યવૃત્તિ માટેના અભ્યાસક્રમો:-</u>

મેડીકલ અભ્યાસક્રમ માટે - ૨૫૦ શિષ્યવૃત્તિ

પેરામેડીકલ અભ્યાસક્રમો માટે - ૨૫૦ શિષ્યવૃત્તિ

ઇજનેરી તથા પ્રોફેસનલ અભ્યાસક્રમો માટે - ૧૦૦૦ શિષ્યવૃત્તિ

સાયન્સ(PCM)૩૦૦(PCB)૧૦૦, કોમર્સ અને આર્ટસ ૬૦૦ - ૧૦૦૦ શિષ્યવૃત્તિ

<u>શિષ્યવૃત્તિની રકમ;-</u>

(૧) પાત્રતા ધરાવતા વિદ્યાથીઓને ઉચ્ચ શિક્ષણના હેતુસર (પેરામેડીકલ માટે) જે તે સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦% રકમ અથવા રૂ. ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ ) તે બે પૈકી જે ઓછું હોય તેટલી મંજુર કરી શકાશે.

(૨) તબીબી અભ્યાસક્રમો માટે નિયત થયેલી વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦% રકમ અથવા રૂ.૪,૦૦,૦૦૦ (રૂપિયા ચાર લાખ ) તે બે પૈકી જે ઓછું હોય તો તેટલી શિષ્યવૃતિ મંજુર કરી શકાશે.

(૩) પાત્રતા ધરાવતા હોય તેવા ઇજનેરી તથા પ્રોફેશનલ કોર્ષ માટે ટ્યુશન ફી ના ૫૦% રકમ અથવા રૂ.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ ) તે બે પૈકી જે ઓછી હોય તેટલી રકમ.

(૪) પાત્રતા ધરાવતા હોય તેવા રાજ્યની સરકારી/ ગ્રાન્ટેડ સંસ્થાઓ જેવી કે સાયન્સ, કોમર્સ્ , આટ્ર્સ માં પ્રવેશ મેળવનાર વિધ્યાર્થીઓને મેરિટ ના આધારે રૂ.૧૦,૦૦૦( રૂપિયા દસ હજાર) શિષ્યવૃતિ મળવાપાત્ર થશે.

૩. માન.મુખ્યમંત્રીશ્રી યુવાસ્વાવલંબન યોજના નીચે શિષ્યવૃત્તિ મેળવનાર લાભાર્થીને આ યોજના નીચે પણ લાભ મળવાપાત્ર થશે. આમ, આ યોજના માન.મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના બનશે.

૪. આ યોજનાના અમલીકરણ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

૫. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૪.૧૦.૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.અનેટે.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- સેકશન અધિકારીશ્રી, ખ-૧, ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.